ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૮.૮ ડીગ્રી
લઘુતમ : ૨૭.૮ ડીગ્રી
ભેજ
સવારે ૭૩ ટકા ● સાંજે ૫૬ ટકા





સૌનો સાથ સૌનો વિકાસ અન્વયે ગાંધીનગર દક્ષિણ વિધાનસભાનાં દોલારાણા વાસણાં થી બાપુપુરા દશેલા સુધી ડામર રસ્તાનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું જેમાં ગાંધીનગર દક્ષિણ વિધાનસભા નાં લોકલાડીલા ધારાસભ્યશ્રી શંભુજી ઠાકોર, ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી દિલીપભાઈ પટેલ, એસ. પી. ઠાકોર અને ગામનાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ સરગાસણમાં બાળકો માટે અનેરા માહોલ સાથે નવા શૈક્ષણિક સત્રની શરૂઆત

ગાંધીનગર, તા. ૧૯

વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ, સરગાસણ માં બાળકો માટે અનેરા માહોલ સાથે નવા શૈક્ષણિક સત્રની શરૂઆત કરવામાં આવી હતી. વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ, સરગાસણ માં વિવિધ પ્રકારની ઈત્તર પ્રવૃત્તિઓ દ્વારા જ્ઞાન સાથે ગમ્મત મળી રહે તે હેતુથી બેગલેસ ડે ઉજવવામાં આવ્યા કે જેમાં બાળકોને વેકેશન બાદ શાળાએ આવવાનું મન થાય. અને શરૂઆત માં ગ્રુપમાં કરાવાતી પ્રવૃત્તિઓ દ્વારા બાળકો એકબીજાને તથા શિક્ષકોને પણ ઓળખે અને એકતાથી રહે




.૧૩મી જૂનથી ૧૬મી જૂન' ૨૦૨૨ દરમિયાન બાલ મંદિર થી ધોરણ ૮ માટે 'ઈંગ્લીશ એનરિચમેન્ટ ડે' નું આયોજન કરવામાં આવ્યું હતું. કે જેમાં કોમ્યુનિકેટિવ લેંગ્વેજ અધ્યાપન કે જે ભાષા કૌશલ્ય વિકસાવવામાં મદદ કરવાની અસરકારક રીત છે. તે શીખનારાઓને તેમની ભાષાને વ્યક્તિગત રીતે સુધારવા માટે પ્રોત્સાહિત કરે છે. અને માત્ર અંગ્રેજી વ્યાકરણના નિયમો અને શબ્દોની સૂચિ શીખવાને બદલે વાસ્તવિક જીવનની પરિસ્થિતિઓમાં અંગ્રેજીમાં વાર્તાલાપ કરવામાં મદદ કરે છે.

## ગાંધીનગર સેક્ટર ૩૦ સરકારી પ્રાથમિક શાળાના આચાર્યએ ક્રિયાત્મક સંશોધન કર્યું

ગાંધીનગર, તા. ૧૯

જી.સી.ઈ.આર.ટી ગાંધીનગર અને ડાયટ ગાંધીનગર ના સંયુક્ત ઉપક્રમે શિક્ષકો દ્વારા પોતાના વર્ગખંડમાં શૈક્ષણિક ગુણવત્તામાં સુધારો લાવવા માટે, તે સંદર્ભે



ક્રિયાત્મક સંશોધન હાથ ધરવામાં આવે છે. જેમાં ગાંધીનગર શહેર વિસ્તાર ની સેક્ટર ૩૦ પ્રાથમિક શાળાના ઉત્સાહી આચાર્ય કુમુદગૌરી યોગેશકુમાર ત્રિવેદી એ પણ પોતાના વર્ગખંડની શૈક્ષણિક ગુણવત્તા સુધારવા અંતર્ગત ક્રિયાત્મક સંશોધન હાથ ધર્યું હતું. સંશોધન ખૂબ જ અસરકારક રહ્યું હતું જે સંશોધનનું બીજા વર્ગોમાં પણ અસરકારક નીવડી શકે તેમ છે. ક્રિયાત્મક સંશોધન કરવા બદલ ગાંધીનગર ડાયેટના આચાર્ય ડો. હિતેશભાઈ. એન. દવે દ્વારા પ્રમાણ પત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.





ગાંધીનગર દક્ષિણ વિધાનસભાના મતક્ષેત્રમાં ચાંદખેડા માં વેપારી સંગઠન કર્ણાવતી મહાનગર વેપારી સેલ દ્વારા આયોજિત સ્વૈચ્છિક રક્તદાન શિબિર મહાદેવ મંદિર, ચંદ્રેશ્વર પાર્ટી પ્લોટ ચાંદખેડા મુકામે યોજાયો જેમાં ગાંધીનગર દક્ષિણ વિધાનસભા નાં ધારાસભ્યશ્રી શંભુજી ઠાકોર ચાંદખેડાના કોર્પોરેટર અને વેપારી સંગઠનના હોદ્દેદારો સભ્યો અને મિત્રો હાજર રહ્યા હતા અને રક્તદાન શિબિરમાં બ્લડ ડોનેટ કરનારને સર્ટિફિકેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતાં.

## ફિઝીયો વર્લ્ડ સેક્ટર-૨૧ ખાતે યોગા વર્કશોપ યોજાયો



ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર, સેક્ટર-૨૧ ખાતે ડૉ. નિધિ ફિઝીયો વર્લ્ડ, મિલાપ ટાટારિઆ અને ગાંધીનગર ટેકવોન્ડો એસોસિએશન સંસ્થા દ્વારા યોગા વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં યોગ ટ્રેનર ડૉ. નિધિ લેકિનવાલા દ્વારા મહિલાઓ, દિકરીઓ અને બાળકોને યોગની તાલીમ આપવામાં આવી હતી તથા યોગ કરવાથી શું ફાયદાઓ થાય તેનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. યોગ ટ્રેનર ડૉ. નિધિ લેકિનવાલાએ જણાવ્યું હતું કે, યોગથી શરીરને સ્વસ્થ રાખવા માટે તો કરવામાં આવે જ છે પરંતુ આધ્યાત્મિક વિકાસમાં પણ યોગનુ ખૂબજ મહત્વ છે. યોગ કરવાના માધ્યમથી શરીર, મન અને મસ્તકને પૂર્ણ રીતે સ્વસ્થ કરી શકાય છે અને ૨૧મી જૂને પણ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવશે.

## એડવોકેટ ડૉ. અશ્વિનભાઈ ત્રિવેદીએ રક્તદાન કરી સમાજસેવાની મિસાલ કાયમ કરી

ગાંધીનગર, તા. ૧૯

રવિવાર ના રોજ શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ (રાજ્યકક્ષા) અમદાવાદ શહેર, પ્રથમા બ્લડ સેન્ટર અને મહારાજ આયુર્વેદના સહયોગથી બ્લડ ડોનેટ કેમ્પ બાપુનગર, અમદાવાદ ખાતે યોજાયો હતો.

જેમાં રાજ્યકક્ષાના મુખ્ય સંગઠક સ્પે. પી. પી. એન્ડ એડવોકેટ, ગાંધીનગર, ડૉ અશ્વિન ભાઈ ત્રિવેદી એ સ્વૈચ્છિક રક્તદાન કરી સમાજ ઉપર પોતાની માનવ સહજ ફરજ બજાવી ધન્યતા અનુભવી હતી.

ડૉ. અશ્વિનભાઈ એ સૌ રક્તદાતાઓનો આભાર માનતા જણાવ્યું હતું કે, યુવાનોએ જનહિતમાં નિયમિત રક્તદાનની ટેવ પાડવી જોઈએ.

રક્તદાન, એ રક્તદાતાનો, રક્તદાન દ્વારા માનવ જીવનને સૃષ્ટિ પર જીવંત રાખવાનો દ્રઢ નિર્ધાર અને સંકલ્પ છે. રક્તદાન માનવ કલ્યાણ થકી પુણ્ય ઉપાર્જનનું શ્રેષ્ઠ માધ્યમ છે. માનવતાની મિસાલ છે. રક્ત જીવન છે



# દિકરા સાથે સમય વિતાવ્યો પછી જ તેની જરૂરિયાતો સમજાઈ..!!

**સિંગલ મધરની તો ઘણી કહાનીઓ મળે છે પરંતુ સિંગલ ફાધરની કહાનીઓ પણ મહત્વની : ગાંધીનગરમાં એક પોલીસ કર્મીનો બિમાર માતાની સંભાળ અને કુમળી વયના દિકરાના ઉછેર સાથે નોકરીના તાલમેલનો સંઘર્ષ : આ સાથે તેઓ સેવા કાર્યોમાં પણ પ્રશંસનીય યોગદાન આપતા રહ્યાં છે.**




ગાંધીનગર, તા.૧૯

ભારતીય સંસ્કૃતિમાં માતા-પિતાનું મહત્વ સનાતન કાળથી સવિશેષ રહ્યું છે જેનું કારણ આપણી સંસ્કૃતિમાં રહેલાં કુટંબપ્રથાના મહિમાને કારણે પણ છે. આપણે ત્યાં 'સિંગલ પેરેન્ટ'ની વિભાવનામાં મોટેભાગે 'સિંગલ મધર'ની કહાનીઓ વધુ વાંચવા મળતી રહી છે, જોકે અત્યારના સમયમાં વેલેન્ટાઈન્સ ડે કે મધર્સ ડેની જેમ હવે પ્રચલિત બનેલાં આજના 'ફાધર્સ ડે'ના દિવસે પિતાના મહત્વ અંગે પણ ભરપુર લખાણો વાંચવા મળી રહ્યાં છે પરંતુ 'સિંગલ પેરેન્ટ' તરીકે 'સિંગલ ફાધર'ની કહાની જૂજ જોવા મળે છે. હકીકતમાં આવો સંઘર્ષ કરતાં અનેક પિતા પણ આપણી આસપાસમાં જ જોવા મળી શકે છે જેમકે ગાંધીનગરમાં રોનક ત્રિવેદી નામના એક એવા પોલીસ કર્મી છે જેઓ છેલ્લાં પાંચેક વર્ષથી પોતાના દિકરાને સારી રીતે ઉછેરવા અને મોટેભાગે પથારીવશ રહેતી બિમાર માતાની સંભાળ રાખવા સાથે નોકરીને પણ ન્યાય આપવાનું કપરું કાર્ય નિભાવી રહ્યાં છે એટલું જ નહીં પરંતુ તે સાથે સાથે તેમાંથી સમય કાઢીને સેવાકાર્યો પણ કરતાં રહે છે.

ગાંધીનગરના સેક્ટર-૩ ન્યુમાં રહેતાં રોનક ત્રિવેદીએ આમ તો કોલેજના બીજા વર્ષ સુધી અભ્યાસ કર્યો અને આઈટીઆઈમાં ઈલેક્ટ્રોનિકસનો કોર્સ કરીને ખાનગી કંપનીમાં નોકરી મેળવી હતી. તેમના પિતા ભરતભાઈ ત્રિવેદી સરકારી પ્રેસમાં નોકરી કરતાં હતા અને તેમને વર્ષ ૨૦૦૭માં હાર્ટ એટેક આવવાને કારણે તેમનું અવસાન થયું હતું. આ દરમ્યાન તાજા લગ્ન થયેલાં રોનકભાઈ પર સમગ્ર પરિવારની જવાબદારી આવી પડી હતી જેમાં ખાસ કરીને તેમની માતા પૂર્ણિમાબેન જેઓ વર્ષ ૧૯૮૫થી ડાયાબિટીસના સકંજામાં સપડાયેલાં હતા. વર્ષ ૨૦૦૯માં રોનકભાઈને પિતાના ચાલુ નોકરીએ થયેલાં અવસાનને પગલે રહેમરાહે પોલીસ ખાતામાં લોકરક્ષક તરીકે સરકારી નોકરી પ્રાપ્ત થઈ હતી અને તેજ વર્ષે તેઓ એક દિકરાના પિતા પણ બન્યાં હતા જેનું નામ 'જૈન મ' રાખવામાં આવ્યું હતું. રોનકભાઈ આ સમયે અવારનવાર મિત્રો સાથે ગરીબોને જમાડવા કે સેક્ટર-૧૯ના સ્પેશિયલ ચિલ્ડ્રન્સ હોમના બાળકોને જરૂરિયાતની ચીજવસ્તુઓ પુરી પાડવામાં મદદરૂપ થવું જેવા સેવાકાર્યોમાં પણ જોડાયેલાં રહેતા હતાં. જોકે રોનક ત્રિવેદીની જિંદગીમાં મુશ્કેલીઓ પીછો છોડતી નહોતી અને વર્ષ ૨૦૧૧થી પછી તેમની માતાની તબિયત વધુ લથડવા લાગી જેમાં તેમને મેનેન્જાઈટીસ, બીપી, કિડનીની બિમારીના કારણે બ્લેડર સડી જવું વગેરે ઉપરાંત ઘુંટણની તકલીફ વગેરેએ ઘેરી લીધાં અને તેઓને મોટેભાગે પથારીમાં જ રહેવું પડે અને સતત દવાઓ સહિતની તબીબી સારવાર નિયમિત પણે લેવી પડવા લાગી અને બીજી તરફ તેમની આંખે દેખાવાની ક્ષમતા પણ ખૂબ ઘટી જવા પામી હતી. આ બધા સામે લડત આપી રહેલાં પરિવારમાં જૈનમ્ જ્યારે સાતેક વર્ષનો થયો અને ત્રીજા ધોરણમાં આવ્યો ત્યારે જ રોનકભાઈના પત્નિ તૃપ્તિબેનનું આકસ્મિક સંજોગોમાં અવસાન થયું અને રોનક ત્રિવેદી પર જાણે વિજળી તુટી પડી હતી. એક તરફ બિમાર વૃદ્ધ માતા અને બીજી તરફ સાવ કાચી વયના દિકરાના ઉછેરની જવાબદારી, આવી સ્થિતિમાં અન્ય કોઈ પુરુષ હોય તો બીજા લગ્ન કરવાનું વિચારે પરંતુ રોનકભાઈએ હિંમત હાર્યા વગર આ પડકાર ઝીલી લીધો હતો.

હવે રોનકભાઈની દિનચર્યા જ બદલાઈ ગઈ હતી, તેઓ રોજ સવારે પાંચેક વાગે ઉઠી જાય અને ઘરના ચા-નાસ્તા સાથે દિકરા માટે લંચ બોક્સ તૈયાર કરીને પછી દિકરાને જગાડીને તેને તેની માતાની જેમ સ્કૂલે જવા તૈયાર કરીને મોકલે. આ પછી માતાને નવડાવે તૈયાર કરીને દવા વગેરે આપ્યાં પછી ઘરની રસોઈ બનાવીને સઘળાં કાર્યો આટોપી પોતે તૈયાર થઈને સાડા દસે નોકરીએ પંહોચી જાય. રસોઈ પણ તેમણે મોબાઈલમાં ઈન્ટરનેટની મદદથી બનાવતાં શીખી લીધી હતી. આ સમયે તેઓ ગાંધીનગરમાં સે.૨૭માં ડીએસપી કચેરીમાં જિલ્લા પોલીસ અધિક્ષકના અંગત મદદનીશની ઓફિસમાં કોમ્પ્યુટર ઓપરેટરની જવાબદારી નિભાવતાં હતા. નોકરીએથી બપોરની રીશેષમાં ઘરે જઈને માતાને જમાડવા અને દવા આપવી વગેરે પતાવી ફરી નોકરીએ પંહોચી જવું અને સાંજે ઘરે જઈને ફરી રસોઈ વગેરે સહિતના ઘરના કાર્યોમાં જોતરાઈ જવું તેમનો નિત્યક્રમ બની ગયો હતો. આ સમયે તેમને ઓફિસના ઉપરી પોલીસ અધિકારી પી.સી.વલેરા સહિત સ્ટાફનો સારો સહયોગ મળી રહેતો હતો. હવે તેઓ જૈનમ્ સાથે વધુ સમય વિતાવવા લાગ્યાં હતા જેના પગલે તેમને દિકરાને વધુ સારી રીતે સમજવાની તક મળતી. તેઓ દિકરાના દરેક શોખ પુરા કરવામાં મદદરૂપ થઈને તેને પ્રોત્સાહિત કરતાં રહેતા હતા. ચટાકેદાર ખાવાના શોખીન જૈનમને દર વીક એન્ડમાં બહાર જમવા કે મુવી જોવા અથવા લોંગ ડ્રાઈવ પર લઈ જવો તે સાથે તેનામાં ડાન્સ, સ્વિમિંગ, સાયકલિંગ વગેરેના શોખ સાથે પર્વતો પર ટ્રેકિંગ કરવામાં રસ જગાડ્યો અને તેને લઈને પ્રકૃતિ યુવા સેવા ટ્રસ્ટના મિત્રો તેજસ ગામિત અને વિવેક પરમાર વગેરેની મદદથી ટ્રેકિંગ પર પણ લઈ જવા લાગ્યાં હતા. ધીમે ધીમે જૈનમને એકલો ટ્રેકિંગ પર મોકલવા લાગ્યાં જેમાં તેણે ડાંગ,સાપુતારા, જેસલમેર, માઉન્ટ આબુ, શૂલપાણેશ્વર સહિતના સ્થળોએ ટ્રેકિંગ કેમ્પમાં ભાગ લીધો અને તેના ફળ સ્વરૂપે જૈનમે વર્ષ ૨૦૧૮માં મનાલીના હેમતાપાસની ૧૪૫૦૦ ફુટની ઉંચાઈ સુધી ટ્રેકિંગ કરવાની સિદ્ધિ પ્રાપ્ત કરી લીધી ત્યારે રોનકભાઈને હૈયે ભારે હર્ષ ઉમટ્યો હતો. તેઓ કબુલ કરે છે કે "મેં દિકરા સાથે સમય વિતાવ્યો પછી જ મને તેની જરૂરિયાતો સમજાવા લાગી હતી."









અત્યારે સાતમા ધોરણમાં પંહોચેલો અને યુ-ટ્યુબર બનવા માંગતો જૈનમ હવે મોટો થવા સાથે પિતાને જોઈને તેની જવાબદારીઓ પણ સમજવા લાગ્યો છે, હવે તે પોતાની દાદીને દવા આપવી, પથારીમાં બેઠાં કરવા, નવડાવવા સહિતના કાર્યો જાતે કરીને રોનકભાઈનો બોજ હળવો કરે છે. જોકે આવા કપરાં સમયમાં આવેલાં કોરોના કાળ દરમ્યાન પણ રોનક ત્રિવેદી ગાંધીનગર વોલિયન્ટર્સ ગૃપ સાથે મળીને જરૂરીયાતમંદો માટે ભોજનસેવા અને કીટ વિતરણ વગેરે સહિતના સેવા કાર્યોમાં પણ યોગદાન આપતાં રહ્યાં છે એટલું જ નહીં પરંતુ તેઓ જેને મંદિર માને છે તેવા સે.૧૯ના સ્પેશિયલ ચિલ્ડ્રન્સ હોમના એચઆઈવીગ્રસ્ત બાળકોને વર્ષમાં એકવાર પોતાના ખિસ્સાના ખર્ચે બહાર ફરવા લઈ જવા અને જમાડવા ઉપરાંત તેમને જરૂરી ચીજવસ્તુઓ લાવી આપવાના સેવા કાર્યો પણ કરતાં જ રહ્યાં છે. હાલ તેમની બદલી અડાલજ પોલીસ સ્ટેશને થઈ છે જ્યાં તેઓ પીસીઆર વાનના ડ્રાઈવર તરીકે ફરજ બજાવી રહ્યાં છે અને ગમે ત્યારે આઠથી ચોવીસ કલાકની નોકરી કરવી પડી હોય તો પણ તેમણે એક પુત્ર તરીકે ઉપરાંત એક જવાબદાર પિતા તરીકેની ફરજ પણ એટલી જ નિષ્ઠાથી બજાવી છે જે ખરેખર પિતાના અપાર પ્રેમનું એક પ્રસંશનીય ઉદાહરણ છે.

## જન્મદિને વધામણી



અમૃતભાઈ ભીલ
મો. ૯૭૨૬૬ ૫૦૫૨૩



અલકેશકુમાર સોમાલાલ મોદી
કન્વીનર - શ્રી ગાંધીનગર જીલ્લા મોદી સમાજ
મો. ૯૯૭૪૯૨૯૦૨૯



રંજનબેન જિતેન્દ્રભાઈ દરજી



વીણા મહેન્દ્રભાઈ રાઠોડ
મો. ૯૯૭૯૮ ૪૦૫૬૬



હિમાંશુ ભચેચ
મો. ૭૬૦૦૦૬૭૫૧૬



યશકુમાર મનોજકુમાર જોષી



હેત્વી કનુજી ઠાકોર
મો. ૯૮૯૯૮ ૮૧૮૯૯



હિતાયુ ભાવેશ પ્રજાપતિ



વાઘેલા જયદિત્યસિંહ જયપાલસિંહ

## ચિરવિદાય

● મુક્તિધામ ●

● સ્વ. વણઝારા નટુજી કેશાજી-૫૦, હાલીસા